**સેશન્સ કેસ નં.૦૭/૨૦૨૫**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ–૨૪૯ મુજબ આંક–૧ લગત હુકમ**

**(૧)** વિ. સરકારી વકીલશ્રીને સાંભળ્યા. ચાર્જશીટ તથા તેને સંલગ્ન કાગળો વંચાણે લીધા. આ કામે વિ. એ. પી. પી. શ્રીએ પોતાની રજૂઆતમાં ભારપુર્વક જણાવેલ છે કે, મુળ ફરીયાદી દ્વારા જાહેર કરેલ ફરીયાદ મુજબ આ કામના આરોપીઓએ ગઈ તા.૨૦.૦૪.૨૦૨૩ ના રોજ કલાક ૧૮/૦૦ વાગ્યે વેરાવળ સોમનાથ ટોકીઝ વિસ્તારમાં કિરમાણીનગરમાં આરોપી નં. (૧) નાએ ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં હિન્દુ ધર્મની લાગણી દુભાઈ તે રીતે ગૌવંશ માસ મટનનો જથ્થો ભરેલ પ્લાસ્ટીકનું કેરેટ નંગ–૧ જેમાં ગૌમાંસ મીક્ષ મટન આશરે ૧૨ કિ. ગ્રા. જેની કિં. રૂા. ૧,૮૦૦/–ના મુદામાલ સાથે મળી આવી તથા આરોપી નં. (૨) નાએ ગૌમાંસ મટનનો મુદામાલ પુરો પાડીને ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ઈ. પી. કોડની કલમ–૪૨૯, ૨૯૫, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫ (૧), ૬ (ખ) (૧), ૮(૧), ૮(૨), ૮(૪) તથા પશુ ઘાતકીકરણ–૧૯૬૦ ની કલમ–૧૧(એલ) (૧) તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ (કતલખાના) નિયમો–૨૦૦૧, નિયમ–૩ તથા જી. પી. એકટની કલમ–૧૧૯ મુજબનો ગુનો આચરેલ હોવાનું તપાસ દરમ્યાન ખુલવા પામેલ હોય, આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત વિગતે તહોમત ફરમાવવા રજૂઆત કરેલ છે.

**(૨)** વિ. એ. પી. પી. શ્રીની ઉપરોકત રજૂઆત તથા ચાર્જશીટ સાથેના કાગળો વંચાણે લીધા. જયાં સુધી બચાવપક્ષે તહોમત સંબંધે રજૂઆત બાબતને લાગે વળગે છે ત્યાં સુધી હાલના સ્ટેજે બચાવપક્ષે તહોમતને પડકારવાનું પસંદ નહીં કરી, કેસ આગળ ચલાવવા રજૂઆત કરેલ છે. વિ. એ. પી. પી. શ્રીની રજૂઆત મુજબના આક્ષેપો સંબંધે પુરાવો નોંધી, નિર્ણય કરવા જેવો પ્રથમદર્શનીય કેસ હોય, આરોપીઓ વિરૂધ્ધ ઈ. પી. કોડની કલમ–૪૨૯, ૨૯૫, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭) ની કલમ–૫ (૧), ૬ (ખ) (૧), ૮(૧), ૮(૨), ૮(૪) તથા પશુ ઘાતકીકરણ–૧૯૬૦ ની કલમ–૧૧(એલ) (૧) તથા ધી પ્રાણી ક્રુરતા નિવારણ (કતલખાના)

નિયમો–૨૦૦૧–નિયમ–૩ તથા જી. પી. એકટની કલમ–૧૧૯ મુજબના ગુના સબબ તહોમત ફરમાવવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૭મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૧૭.૦૨.૨૦૨૫
સ્થળ–વેરાવળ

**(નિપા ચંદ્રકાન્ત રાવલ)**
સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૩૭૦